# વાવડ

સંગઠને શક્તિ યુગે યુગે



શ્રી દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એક્કમનું મુખપત્ર

ઓક્ટોબર, ૨૦૧૪. અંક - ૫૨

The Specialty Gourmet Food Store

DRY FRUITS | CONFECTIONARY | GIFT BOXES | JUICES & SQUASHES | SPICES | DAL & PULSES | RICE & WHEATS | BAKERY PRODUCTS | SAVOURIES | TEA | MOUTH FRESHNERS | DRY FRUIT GIFT HAMPER | CHOCOLATE GIFT HAMPER | DRY FRUIT GIFT BOX | SPICES GIFT BOX

" WE CHASE THE QUALITY & QUANTITY CHASES US"

Quality Food Healthy Life

For Franchise Enquiry & Other Enquiry
Contact Ph: 9790708433 Email: admin@chhedafoods.com
Website: www.chhedafoods.com

KEEP MOVING HAPPILY

©

Leo ™

Packers and Movers India (P) Ltd.™

India's No.1 Home Relocations Company



Relocating Homes Since - 1979
A Crisil Rated Company - Countrywide service - Container trucks
Mobile : 8008444660, 8008444652, 9849013531
Tel : 23771238, 23772796, 27848085, Toll Free No. : 1800 - 425 - 4858
Email : Leo_hyd@satyam.net.in
Website : www.leopackersindia.com

**VAVAD વાવડ**

**Oct-Dec, 2014**

**Issue 52**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રમુખશ્રીનો સંદેશ | 2 |
| ૨. | તંત્રી સ્થાનેથી | 3 |
| 3. | MAHASAMELLAN : SLOGAN CONTEST | 3 |
| ૪. | ઘટકના વાવડ | 4 |
| ૫. | અહંકાર ઓલવાયો | 8 |
| ૬. | ગુરુ ઉપદેશ | 8 |
| ૭. | MAHASAMELLAN : LIGHTS CAMERA ACTION | 9 |
| ૮. | The Witty Mahatma | 9 |
| ૯. | જીવન ચક્ર | 10 |
| ૧૦. | Aspiring Achievers—2014 | 12 |
| ૧૧. | MAHASAMELLAN : વાવડ વિશેષાંક / **VAVAD SPECIAL EDITION** | 13 |
| ૧૨. | મહિલા MUNCH | 17 |
| ૧૩. | કાવ્ય સરિતા | 19 |
| ૧૪. | EDITOR'S MESSAGE | 21 |
| ૧૫. | RHYTHM DOWNPOUR | 21 |
| ૧૬. | COVER PAGE CONTEST & VIEWPOINT CONTEST | 22 |
| ૧૭. | STARS OF VAVAD | 22 |
| ૧૮. | The 8th Wonder | 24 |


## શ્રી દ.ભા.ક.વી.ઓ. જૈન એક્કમના હોદ્દેદારો

| નં | નામ | હોદ્દો | ઘટક | મોબઈલ નં |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ચુનીલાલ જીવરાજ ગાલા | પ્રમુખ | બેંગલોર | 9341231959 |
| ૨. | શ્રી ચીમનલાલ લાલજી ગાલા | ઉપ- પ્રમુખ | આંધ્ર પ્રદેશ | 9441184718 |
| 3. | શ્રી વિશનજી વીરજી ગંગર | ઉપ- પ્રમુખ | ચેન્નાઈ | 9380555999 |
| ૪. | શ્રી ધીરેન્દ્ર કાનજી ગંગર | ઉપ- પ્રમુખ | મદુરાઈ | 9366102838 |
| ૫. | શ્રી પંકજ વીરજી ગાલા | ઉપ- પ્રમુખ | યુ.કે.જી. | 9448137039 |
| ૬. | શ્રી ધીરજ કાનજી નાગડા | મંત્રી | બેંગલોર | 9845204260 |
| ૭. | શ્રી રશ્મીકાંત લખમશી વિછીવોરા | ખજાનચી | બેંગલોર | 9844056842 |

## વાવડના તંત્રીઓ

શ્રીમતી પ્રતિભા રસેશ સાવલા - 9900180922 શ્રીમતી ભાવના મનોજ વિછીવોરા - 9448460056

**VAVAD IS ALSO AVAILABLE ON ASANJOKUTCH.COM**

# પ્રમુખશ્રીનો સંદેશ



સભ્ય દંપતી મિત્રો,

ક્ષમા માગું છું, હૃદયથી સર્વની આજ
માન જેવું કંઈ નથી ક્ષમા માગવામાં આજ.
પરાયાને પોતાના ગણું છું આજ
નાનપ નથી રાખી ક્ષમા આપવામાં આજ.

વર્ષ દરમ્યાન મારી કાર્ય શૈલીથી કે વાવડમા મારા લખાણ થી આપના હૃદયને દુ:ખ થયું હોય તો પર્યુષણ પર્વના મહાન તહેવારે આપ સૌની અંત:કરણ પૂર્વક ક્ષમા માગું છું. પર્વ દરમ્યાન તપસ્વીઓ શાતામાં હશે.

વીતેલા ઓગસ્ટ મહિનામાં તહેવારોની મજા આપ સૌએ મનભેર માણી હશે. ભાઈ બહેનના અપ્રતિમ પ્રેમના પ્રતિક સમો રક્ષા બંધનનો તહેવાર, ૧૫મી ઓગસ્ટે ૬૮મો સ્વાતંત્ર્ય દિવસ, ૧૭મી ઓગસ્ટે જન્માષ્ટમી અને ૨૨ થી ૩૦ ઓગસ્ટ જૈનોનો પર્વાધિરાજ પર્યુષણ પર્વ પણ આપ સૌએ ઉમંગ સાથે ઉજવ્યો હશે.

દુનિયામાં બે કામ સૌથી અઘરા છે: માફી માગવી અને માફી આપવી. પોતાના “ઈગો”ને વ્યક્તિ કેટલો ઓગળી શકે છે તેના પર સબંધોનો આધાર રહે છે. જીવનમાં એટલું “ભારે” કશું જ નથી હોતું જે હળવું ન થઈ શકે. આપણે બસ થોડુંક જતું કરવાનું હોય છે. કોઈને પોતાની વ્યક્તિનું દિલ દુભાવવું હોતું નથી, કોઈને દૂર જવું હોતું નથી, અસ્વીકાર જ અભાવ સર્જતો હોય છે. મહાન વ્યક્તિ જ માફી માગી કે માફી આપી શકે છે. કાયરોનું કામ નથી. માફી માગવાથી એ સાબીત નથી થતું કે તમે ખોટા છો અને બીજા ખરા છે. માફીનો સાચો મતલબ એ છે કે આપણામાં સબંધો નિભાવવાની કાબેલિયત એના કરતા વધારે છે. નાનકડું સમાધાન લડાઈ ઝઘડાનો અંત લાવી દે છે. પણ નાનકડી ગેરસમજ લડાઈ ઝઘડા પેદા કરે છે. મનમાં ઘર કરી ગયેલી ગેરસમજ દૂર કરો અને સમાધાનકારી વલણ અપનાવો. ન્યાય અને સમાધાનમાં શું ફરક છે? ન્યાયમાં એક ઘેર દીવો થાય અને બીજાને ઘેર અંધારૂં થાય. જ્યારે સમાધાનમાં બંને ઘરે દીવા થાય. બહુજ સરસ સુવિચાર છે કે: ઝરણાને દરિયો થવું ક્યારેય નથી ગમતું કારણ કે મોટા થઈને ખારા થવું એના કરતાં નાના રહીને મીઠા રહેવું વધુ સારૂ.

જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતાઓનું સંગમ. જીવનને તમે જો ચાહતા હો તો સમય ગુમાવશો નહિ કારણ કે જીવન સમયનું જ બનેલું છે. જીવનની પ્રત્યેક ક્ષણમાં આનંદ છુપાયેલો હોય છે. તેને મેળવતા આવડવું જોઈએ. ઘણા વ્યક્તિઓની દ્રષ્ટિ જ નકારાત્મક હોય છે. સુખ તેમની પાસે હોવા છતાંય દુ:ખને યાદ કરી રડતા હોય છે. આવી નકારાત્મક દ્રષ્ટિ વાળા જીવનમાં ક્યારેય સુખી થતા નથી. જિંદગી હસતા હસતા જીવવાની રાખો. હકારાત્મક વલણ જ તમને આનંદ આપશે. જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. કોની કેટલી ક્ષમતા છે તે જાણવી જરૂરી છે. દરેક ક્રિયા આપણને કાંઇક કહી જાય છે. છત્રી વરસાદને તો નથી રોકી શકતો પણ વરસાદમાં ઉભા રહેવાની મનોબળતા જરૂરથી આપે છે તેમ આત્મવિશ્વાસ સફળતાની ગેરંટી તો નથી આપતું પણ સફળતા માટે સંઘર્ષ કરવાની જરૂરથી પ્રેરણા આપે છે.

દક્ષિણ ભારત એક્કમના નેજા હેઠળ ઓગસ્ટ મહીનામાં હૈદરબાદ ઘટકે યુથ કેમ્પનું આયોજન કરેલ. કેમ્પના સફળ આયોજન તેમ જ રસપ્રદ “ACTIVITIES” બદ્દલ હૈદરબાદ ઘટકના પદાધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન. જાન્યુઆરી,૨૦૧૫ મા બેંગલોર મધ્યે યોજાનાર મહા સંમેલન દરમ્યાન કાર્યક્રમોની રૂપરેખા એક્કમની મીટીંગમાં આપવામાં આવેલ જેની વધુ વિગત આ વાવડના અંકમાં આપેલ છે. સૌ ઘટકના યુવા વર્ગ તેમજ સર્વે સભ્યોને મહા સંમેલનના કાર્યક્રમોમાં ઉત્સાહસભર ભાગ લઇ સફળ અને યાદગાર બનાવવા આગ્રહભરી વિનંતી છે.

આ અંક પ્રકાશિત થયાના થોડાજ દિવસોમાં દીવાળી અને નુતન વર્ષ શરૂ થશે. તમારું જીવન દીવાની જેમ પ્રકાશિત રહે એવી શુભકામના. સહુ ઉમંગથી મળતા રહેશો. કહેલ છે કે માણસ જ્યારે માણસને ઉમંગથી મળે તે પળ જ દિવાળી. નુતન વર્ષ આપ સૌને સુખ, સમૃધ્ધિ તથા પ્રગતિશીલ રહે એવી શુભેચ્છા અને ધારેલા સર્વે કાર્યોમાં સફળતા મળે એજ પ્રભુ પાર્થના. બહુ જ સરસ વાત છે કે પ્રભુ પાસે તમે બીજા માટે માગી જો જો તો તમારે ક્યારેય પોતાના માટે માગવાનો વારો નહિ આવે. નવું વર્ષ, નવા સંકલ્પો અને નવા નિર્માણનો તહેવાર છે નહિ કે નવા કેલેન્ડરનો.

ગત ત્રણ માસ દરમ્યાન એક્કમના કોઈ પણ સભ્યનું કે તેમના કુટુંબીજનોનું દુ:ખદ અવસાન થયેલ હોય તો પ્રભુ પ્રાર્થના કે તે આત્માને ચીર શાંતિ આપે એવી શ્રદ્ધાંજલિ અર્પિત કરૂ છું.

અંતમાં ફરી એક વખત નમ્ર નિવેદન કે બેંગલોર મધે યોજાનાર મહા સંમેલનમાં આપ સર્વેનો સાથ અને સહકાર મળશે એવી ભાવના સાથે ...

“મળ્યો છે રૂડો માનવ દેહ તો આનંદ મંગલ કરતો જા...

સ્નેહ, સમજણ અને સહ્ભાવના સાથીયા તુ પૂરતો જા...

ક્ષમા છે સૌથી મોટું દાન, બસ તુ દાતાર બનતો જા...

હાસ્ય છે મોટું ઔષધ, સૌને મલકાટ પીરસતો જા.”

આપનો: **ચુનીલાલ જીવરાજ ગાલા, બેંગલોર. પ્રમુખ**

# તંત્રી સ્થાનેથી





સૌ વાચક મિત્રોને જય જીનેન્દ્ર,

આખરે સ્વચ્છ ભારતનાં અભિયાનનાં મંડાણ થયા આપણા વડાપ્રધાન શ્રી મોદીજીના હસ્તકે. સૌ કોઈ શપથ લઈ રહ્યા છે વ્યક્તિગત રીતે સહકાર આપવા, ત્યારે લાગે છે હવે મળશે આપણને સ્વચ્છ દીવાલો, મકાનો ને રસ્તાઓ. સ્વચ્છ નદિયો અને સ્વચ્છ સમુદ્ર. સ્વચ્છ હવા અને તંદૂરસ્તી. દુનિયાના નકશામાં નવું નામ, "સ્વચ્છ ભારત".

દિવાળી આવી રહી છે. દિવાળીની શરૂવાત પણ સ્વચ્છતાથી જ થાય છે ને. લક્ષ્મીજીને આવકારીએ તે પેહલાં ઘરનાં ખુણેખુણા વળીચોળીને ચોક્ખાચનાક કરીએ છે. દુકાનો પણ સાફસૂફી થી ઝાકઝમાળ થઈ જાયે છે.

નાનપણમાં કવિતા હતી,

"દિવાળીના દિવસમાં ઘર ઘર દીવા થાય,

ફટાકડા ફટફટ ફૂટે, બાળક બહુ હરખાય"

બાળકતો શું પણ મોટેરાઓનું હરક ન માયે એવા હતા દિવાળીના એ સપરમાં, શુકનવંનતા દિવસો. શ્રી રસિક ઝવેરી લખે છે તેમ એ દિલની વાતોને આજે તાજી કરવાનું મન થા છે.

વાઘબારસ આવતાં જ ઘરે ઘરે આસોપાલવ અને ગલગોટાના તોરણ લટકે. બારસાંખ પર વ્હેલી સવારથી તેલપાણી ભરેલા કાચનાં ગ્લાસમાં શુકનવંતા અજવાળાં પથરાય. ઘર ઘર માટીનાં કોડિયા ઝગ મગતાં હોય. આંગણામાં લાલ માટીથી લીપીગુંપી સાથીયા – રંગોળી પુરાય. મોટા દીવસોમાં ઘરની વહુંઓ સાસુંઓ તથા અન્ય વડીલોના પગ દબાવે આશીર્વાદ લેવા. ધનતેરસના ઘરે ઘરે ધનની પૂજા થાય. પાટલા આસણીયા નખાય, રાણી છાપના ચોખ્ખીની ચાંદીના નવા નકોર રૂપિયાને પંચામૃતમાં શુક્સ્નાન કરાવાય પુજારી બ્રાહ્મણને પાકું સીધું, ધોતિયું અને દક્ષિણા આપી સંતોષાય. ઘરે ઘરે લાપશીના એધાણ મુકાય. કાળી ચૌદસના ઘરના જુના માટલામાં કચરો પૂંજો એકઠો કરી, કજીયો બાહર કઢાય. ખરી દિવાળી જામે વેપારી પેઢીઓ પર બજારમાં જ્યાં લક્ષ્મી પૂજન આટોપાય ત્યારે મૂરતના સોદા થાય. જાતજાતની પાઘડીઓથી બજાર શોભી ઉઠે.

આજેય દિવાળીનો આનંદ આપણે સૌ મનાવીએ છીએ, પણ પેલી અસલી રોનક તો ગઈ તે ગઈ જ. સાપ ગયા ને લીસોટા રહ્યા આ એના જેવી વાત છે.

વંદન

**પ્રતિભા શાહ**

---

## એક્કમના નેજા હેઠળ આગામી કાર્યક્રમો

શ્રી દ.ભા.ક.વી.ઓ.જૈન એક્કમ ના ઉપક્રમે દ્વિતીય ચરણનું આગામી મહા સંમેલન બેંગલોર ઘટક દ્વારા શનીવાર-રવીવાર તા.૧૭ અને ૧૮ જાન્યુઆરી.૨૦૧૫ના રોજ આયોજિત કરવામાં આવેલ છે સંમેલન દરમ્યાન રાખવામાં આવેલ સ્પર્ધાત્મક કાર્યક્રમ અને યુવા વર્ગની ઓળખાણ એક નવાજ અંદાજ મા રજૂ કરવા માટે થીમ ઉપર આધારિત FASHION SHOW CUM INTRODUCTION કાર્યક્રમ રાખવામાં આવેલ છે જેની વધુ માહિતી આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

### મહા સંમેલન સ્લોગન સ્પર્ધા:

દર વખતની જેમ આ વખતે પણ મહા સંમેલનને એક યાદગાર સ્લોગન આપવા આપ સૌ માટે સ્લોગન સ્પર્ધા રાખવામાં આવેલ છે. સ્લોગન ગુજરાતી, હિન્દી, કચ્છી અથવા અંગ્રેજી ભાષામાં અને એક અથવા વધુમાં વધુ બે શબ્દોનું હોવું જોઈએ. સ્પર્ધામા આપ સૌ ભાગ લઇ શકશો અને વિજેતાને રૂ.૧૫૦૧/- ના રોકડ પારિતોષિકથી નવાજવામાં આવશે. સ્લોગન મોકલવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૪ છે અને ઈ-મેઈલ (vavad12@gmail.com) થી મોકલવા વિનંતી.

**SLOGAN CONTEST :**

You are welcome to put up your writing skills for framing a catchy slogan for the Maha Sammelan. No age bar, no language bar. Word limit – not more than two words. The winner will be awarded a prize of Rs. 1501/- You may send your slogan to us at vavad12@gmail.com by 30-11-2014....so get started right away.....




# બેંગલોર ઘટક

## શ્રી ક.વી.ઓ.જૈન સમાજ-બેંગલોર:

સમાજનું સાંવત્સરિક ક્ષમાપના મિલન રવિવાર તા. ૩૧-૮-૨૦૧૪ના રોજ શ્રી નાહર જૈન ભવન, ગાંધીનગર મધ્યે યોજવામાં આવ્યું હતું. શરૂઆતમાં સમાજના મંત્રી ધીરજભાઈ અને પ્રમુખ શ્રી ચુનીલાલભાઈએ સૌને આવકાર્યા હતા. ત્યાર બાદ શ્રીમતી મંજુલાબેન અને શ્રીમતી કંચનબેને ખમત ખામણાની સજ્ઝાય ગવડાવી હતી. ત્યાર બાદ શ્રી અશ્વિનભાઈ સાવલાએ પર્યુષણ શા માટે રાખવામાં આવ્યું છે અને પર્યુષણ પછી આપણી પ્રવૃત્તિ કેવી હોવી જોઈએ એની સરળ શબ્દોમાં સમજણ આપી હતી. ત્યાર બાદ તપસ્વીઓનું વડીલોના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

**તપસ્વીઓના નામ:**

| | |
|---|---|
| ૧. શ્રીમતી સરોજબેન હંસરાજ રાંભિયા | અરિહંત નવ ગ્રહ તપ(૨૨ દિવસ) અને ગૌતમસ્વામી છ્ઠ |
| ૨. શ્રીમતી પ્રીતીબેન લક્ષ્મીચંદ છાડવા | ધર્મચક્ર તપ ( ૮૨ દિવસ) અને અઠ્ઠાઈ |
| ૩. શ્રીમતી કાજલબેન કમલેશ છાડવા | ધર્મચક્ર તપ ( ૮૨ દિવસ) અને અઠ્ઠાઈ |
| ૪. શ્રીમતી મીનાબેન મનસુખલાલ દેઢિયા | ધર્મચક્ર તપ ( ૮૨ દિવસ) અને અઠ્ઠાઈ |
| ૫. શ્રીમતી અમિતા ચંદ્રેશ વીરા | ૪૫ આગમ તપ અને અઠ્ઠાઈ |
| ૬. કુ. રચના કમલેશ છાડવા | ૪૫ આગમ તપ અને અઠ્ઠાઈ |
| ૭. કુ. નેહા લક્ષ્મીચંદ છાડવા | અઠ્ઠાઈ |
| ૮. શ્રીમતી લીના શાંતિલાલ છાડવા | ૪૫ આગમ તપ |
| ૯. શ્રી શાંતિલાલ મગનલાલ છાડવા | ૪૫ આગમ તપ |
| ૧૦. શ્રીમતી ભારતી હસમુખ ભેદા | ૪૫ આગમ તપ |
| ૧૧. શ્રીમતી જીનલ નિલેશ કારાણી | વર્ધમાન તપ |
| ૧૨. શ્રી નીતિન શાંતિલાલ કૂરિયા | અઠ્ઠાઈ |
| ૧૩. શ્રી જીનય કમલકાંત ગાલા | અઠ્ઠાઈ |
| ૧૪. શ્રીમતી ભક્તિ વિશાલ ગાલા | અઠ્ઠાઈ |

## શ્રી ક.વી.ઓ.વનિતા વૃંદ-બેંગલોર:

શનિવાર તા. ૯-૭-૨૦૧૪ના બપોરના ૩-૦૦ વાગ્યે શ્રી ડી.વી.વી.ગુજરાતી શાળા મધે યોજાયેલ HEALTHY LOW CALORIE મીઠાઈની હરીફાઈ સફળ રીતે સંપન્ન થઈ હતી. પ્રથમ પ્રાર્થના કર્યા બાદ શ્રીમતી લીના ડોવીન રાંભિયા એ આઝાદી દિન ૧૫મી ઓગસ્ટ નિમિત્તે ઉપસ્થિત સભ્યોને સંબોધ્યા હતા. ત્યાર બાદ શ્રીમતી કિરણ રજનીકાંત દેઢીયા એ મોબઈલની ગેમ રમાડી હતી. હરીફાઈમાં ભાગ લેનાર બહેનોએ ઘરેથી બનાવી લઈ આવેલ મીઠાઇઓને ડેકોરેટ કરી રજુ કરી હતી. હરીફાઈના નિર્ણાયકો તરીકે શ્રીમતી યોગીની જયંત ભેદા અને શ્રીમતી ભાવીની હિતેશ ગાલા હતા.

**વિજેતાઓ ના નામ:**

પ્રથમ: રીના આનંદ રાંભિયા - ગ્રીન ગજીબો. બીજું: નયના રમેશ ગડા – સંદેશ

ત્રીજું: અવની ચેતન ગડા – મેજીક પોપ

આશ્વાસન : પ્રથમ: ભક્તિ વિશાલ ગાલા – ગુપચુપ લડ્ડુ

બીજું: લીના ડોવીન રાંભિયા – કેનબેરી એન્ડ ચીકુ રેલીશ ત્રીજું: જયશ્રી ભુપેન્દ્ર વિસરીયા – કીવી પોપ

વિજેતાઓને ઇનામોથી સન્માનીત કરવામાં આવ્યા હતા તેમજ ભાગ લેનાર દરેકને પાર્ટીસીપેશન પ્રાઈઝ આપવામાં આવ્યા હતા.

સ્પર્ધા બાદ હીરલ નીતિન મોતાએ વિવિધ વાનગીઓ/પીણા – પનીર સેઝવન ફ્રેંકી, મેક્સીકન સેન્ડવીચ, ઇલી ઓરેંજ કેક, કેરામલ આઈસ્ડ કોફી નું ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું.

છેલ્લે અલ્પહારને માન આપી સૌ છુટા પડ્યા હતા

## HYDERABAD HUNGAMA 2 – The Youth Camp

# આંધ્ર પ્રદેશ ઘટક

The youth camp hosted by Hyderabad Ghatak on 16th & 17th August,2014 at Songs of Earth Resort culminated as planned and the objectives laid down were nearly achieved.

Youth from Hyderabad, Chennai, Bengaluru & Uttar Karnataka Ghataks about 63 in number were divided in 4 groups : Whatsapp (Captain: Digen Gada-Hyd), Facebook (Captain: Dhirav Gosar-Chn), Twitter (Captain: Keyur Chheda-Chn) & Google Plus (Captain:Mehal Vichhivora-Bng)

The inaugural session was addressed by Hyderabad President Sri.Chimanlal Lalji Gala, after few rituals. Sri.Tarachand Dharod spoke on "How not to jump to conclusion" besides the details of the event.

The two days camp was full of activity like Team building, Treasure Hunt, Adventure sports, swimming, rain dance etc.

The event taught the participants the benefits of team building, conflicts resolution, creativity and brotherhood which is the main objective of organizing such youth camps.

In the Valedictory sessions, DBKVO President Sri Chunilal Gala gave his observations.

At the end Mr.Nishit Malde (Hyd) was adjudged as Hyderabad Hungama King, Ankita Chheda (Chennai)-the Hyderabad Humgama Queen and Google Plus team (Leader – Mehal Vichhivora) was adjudged as the Hyderabad Humgama Best Team. Team-Twitter was the winner of the Treasure Hunt.

The food, the ambience and the accommodation were well appreciated by all the committee members as well as the youth.

---

# ચેન્નાઈ ઘટક

શ્રી કચ્છી મિલનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર ૨૯/૬/૧૪ના રાખવામાં આવેલ. તેમાં બધી કમીટીઓની ચુંટણી રાખવામાં આવેલ. નીચે મુજબ મેમ્બરો બીન હરીફ ચુંટાઈ આવેલ છે.

**શ્રી કચ્છી મિલન ચેરીટેબલ ટ્રસ્ટ:**

- શ્રી અરવિંદભાઈ ગાંગજી દેઢિયા પ્રમુખ
- શ્રી રાયચંદ જેઠાલાલ ગોગરી મંત્રી
- શ્રી દિનેશભાઈ ધનજી દેઢિયા ખજાનચી
- શ્રી દીપકભાઈ વાલજી છેડા ટ્રસ્ટી
- શ્રી લક્ષ્મીચંદ શામજી સાવલા ટ્રસ્ટી
- શ્રી ભરતભાઈ વલ્લભજી દેઢિયા ટ્રસ્ટી
- શ્રી તાલક્શીભાઈ રવજી કક્કા ટ્રસ્ટી

**શ્રી કચ્છી મિલન ચેન્નાઈ:**

- શ્રી અતુલ પ્રવીણ દાગા પ્રમુખ
- શ્રી ભાવેશ નવીન સૈયા ઉપ-પ્રમુખ
- શ્રી અમિત મનહર સાવલા મંત્રી
- શ્રી વિશાલ ભરત દેઢિયા સહ મંત્રી
- શ્રી રીક્કી કલ્યાણજી ધરોડ સભ્ય
- શ્રી રૂપેશ પોપટલાલ લાપસીયા સભ્ય
- શ્રી જતીન કાંતીલાલ મારૂ સભ્ય

શ્રી વિક્રમ યશોધન અજાણી સભ્ય

યુથ વિંગ :

- શ્રી ધીરવ રમેશ ગોસર પ્રમુખ
- શ્રી યશ પંકજ ગડા ખજાનચી
- શ્રી વિશાલ દિલિપ ગાલા સભ્ય

શ્રી કેયુર રમણીક છેડા મંત્રી
શ્રી અંકુર પોપટ ગડા સભ્ય
કુ.પરિતા નીતિન ગંગર સભ્ય

**મહિલા મંડળ :**

શ્રીમતી વાસંતી રમેશ ગોસર પ્રમુખ
શ્રીમતી પ્રતીક્ષા ધીરજ ગાલા મંત્રી
શ્રીમતી અલકા કેતન દેઢિયા ખજાનચી
શ્રીમતી જસ્મીન સુરેશ દેઢિયા સભ્ય
શ્રીમતી ગીતા ચંપક ભેદા સભ્ય
શ્રીમતી નીલમ મીનલ લાપસીયા સભ્ય
શ્રીમતી અરુણા નીતિન રાંભિયા સભ્ય
શ્રીમતી હેતલ અમિત સાવલા સભ્ય
શ્રીમતી મનોરમા તિલોકચંદ લોડાયા સભ્ય

- કુ.જેશીકા જયેશ સંગોઇ સભ્ય
- શ્રી હર્ષ નિલેશ લાપસીયા સભ્ય
- કુ.ખુશ્બુ ચંપક ભેદા સભ્ય

શ્રી ચિરાગ હરેશ ગાલા સભ્ય
શ્રી ટવીંકલ મુકેશ બૌઆ સભ્ય

મીલનના મકાનમાં સ્વાતંત્ર્ય દિન ઉજવવામાં આવેલ. શ્રી પ્રફુલ્લભાઈ ભેદાના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર કરી શ્રી મહાવીર સેવા મંડળ આયોજીત અનાથ આશ્રમમા બધા મેમ્બરોની હાજરીમાં હમેશ મુજબ બધી વસ્તુઓ આપવામાં આવેલ.

તા.૩૦/૮/૨૦૧૪ના સામુહિક સાંવત્સરિક પ્રતિકમણ ૧૭૦ જણની હાજરીમાં થયેલ.

તા.૩૧/૮/૨૦૧૪ન સામુહિક પારણા કચ્છી ભવનમાં રાખવામાં આવેલ. અઠ્ઠમ્ તથા અઠ્ઠાઈ કે તેથી વધુ તપસ્વીઓને પરણા કરાવવામાં આવેલ અને તેમનું બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવેલ. આ વખતના સ્પોન્સર હતા દિવાળીબેન પ્રાગજીભાઈ દેઢિયા પરિવાર. તેમનો ખૂબ ખૂબ આભાર. તપસ્વીઓના નામ નીચે મુજબ છે:

| | |
|---|---|
| નેવીલ પ્રફુલ્લ મોતા | ૧૧ ઉપવાસ |
| હીરેન ચંપકલાલ વિકમ | ૯ ઉપવાસ |
| હેમલતાબેન ચંપકલાલ વિકમ | ૮ ઉપવાસ |
| હંસાબેન દિલિપ ગાલા | ૮ ઉપવાસ |
| અશ્વિન હિરજી છેડા | ૮ ઉપવાસ |
| હર્ષાબેન રમણીક છેડા | ૮ ઉપવાસ |
| પૂજા મુકેશ બૌઆ | ૮ ઉપવાસ |
| વાસંતીબેન રમેશ ગોસર | ભક્તામર તપ-૪૮ દિવસ |
| ધીરવ રમેશ ગોસર | ભક્તામર તપ-૪૮ દિવસ |
| ઉષાબેન લક્ષ્મીચંદ સાવલા | ૩૦ ઉપવાસ |

**મહિલા મંડળ- યુથ વિંગ:**

૩/૮/૨૦૧૪ના મહિલા મંડળ અને યુથ વિંગ આયોજિત કાર્યક્રમ "ચાલો કચ્છની સંસ્કૃતિ માણીએ" રાખવામાં આવેલ. કચ્છના ઘરો કેવા હોય તેની ઝાંખી, વસ્તુઓની ઝાંખી તથા કચ્છ શબ્દોનો ઉપયોગ કરીને રમતો રમાડેલ તથા ફોટા બતાવી કચ્છની જગ્યાઓ ઓળખો, ગ્રૂપ ગેમો રમાડવામાં આવેલ. કચ્છી નાની નાટિકા તેમજ કોમેડી વાર્તાલાપ રાખવામાં આવેલ. કચ્છી ગીતોની રજૂઆત પણ કરેલ. કચ્છી વેશભૂષા રાખવામાં આવેલ જેના વિજેતા હતા શ્રીમતી હર્ષાબેન રમણીક છેડા. છેલ્લે કચ્છી જમણ (વિહારૂ) કરીને બધા ખૂબ હોંશથી છુટા પડ્યા હતા.

## સેવા સમાજ

## મદુરાઈ ઘટક

૧. તા . ૨૭-૭-૧૪: કેળવણી સન્માન સમારોહ પરીક્ષામાં ઉત્તીર્ણ વિદ્યાર્થી ઓ નું બહુમાન કરવામાં આવ્યું . એની સાથે એક અનોખો કાર્યક્રમ પણ રજુ થયો. કાર્યક્રમની શરૂઆત બાળકોના પ્રાર્થના થી થઇ. ત્યારબાદ pre K G થી ધોરણ 7 સુધીના બાળકોએ ફેન્સી ડ્રેસ રજુ કર્યું જેમાં બાળકો ઓક્ટોપસ, ફ્રેંચ ફ્રાઈઝ, રોબોટ, ટ્રાન્સફોરમર, લવ -કુશ, પાણીની બુન્દ વાદળું, જાદુ [એલીઅન], પ્લાનેટ વિગેરે બન્યા હતા. ધોરણ ૮ થી ઉપરના બાળકોએ ટેલેન્ટ શો રજુ કર્યો જેમાં ક્વીઝ, શાયરી, જોક્સ વિગેરેથી સૌ નું મનોરંજન કર્યું.

૨.તા. ૩-૮-૧૪: સરસ્વતી સન્માન સમારંભ શ્રી તમિલનાડુ ગુજરાતી સમાજ ના નેજા હેઠળ આ કાર્યક્રમ રજુ થયો .આ કાર્યક્રમ માટે ચેન્નઈ, ઇરોડ, કોઈમ્બતુર, તિરુપુર, સેલમ, ત્રિચી થી મહાનુભાવો પધારેલ.

**સરસ્વતી સન્માન:** જે બાળકો 10 મી અને 12 મી માં દરેક ઘટક માં પ્રથમ અને દ્વિતીય આવ્યા છે બધાનું બહુમાન કરવામાં આવ્યું અને બધા ઘટકો માં જે પ્રથમ આવેલ તેને પણ નવાજવામાં આવેલ.આ ટ્રોફી મદુરાઈ ના મિહિર છેડા ને મળી.

**તામિલ ગુર્જર રત્ન એવોર્ડ:** સમાજ તથા અન્ય ક્ષેત્રો માં આપેલ સેવા બદલ આ એવોર્ડ આપવામાં આવે છે. શ્રી લાલજીભાઈ વોરા ને આ એવોર્ડ મળ્યો.

**શિક્ષણ સહાય ફંડ:** જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સહાયતા કરવામાં આવી. 6 વિદ્યાર્થીઓને ફંડ આપ્યું.

૩.તા.૧૦-૮-૧૪: ડિસ્કવર તિરુપુરકુન્ડ્રમ મદુરાઈ થી 15 કી.મી. દુર આવેલ એક મંદિર ની પાછળ નાનકડો ડુંગર છે. ત્યાં એક રમણીય બગીચો છે. ત્યાં પીકનીક નું આયોજન કરવામાં આવેલ. ડુંગર ના તળેટી ના આજુબાજુ મોર પણ આવે છે. ત્યાં નાનકડું ટ્રેઝર હન્ટ રમાડવામાં આવેલ. જયેશ,સચિન અને હેપીને આનું આયોજન કરેલ. આ બધી રમતમાં સૌ whatsapp ના મદદથી એકબીજાના સાનિધ્યમાં હતા. ત્યાર બાદ થોડું અંધારું થયા બાદ સૌએ Eco Park નો Light & Sound નો પ્રોગ્રામ માણ્યો.

૪.તા.૨૩-૮-૧૪થી 30-૮-૧૪:પર્યુષણ પર્વ ઉજવણી:

ગુરુદેવ શ્રી નમ્રમુની ની કૃપાથી મુંબઈ થી ઉષાબેન તથા દર્શનાબેન પર્યુષણ માટે ધર્મ આરાધના કરાવવા આવેલ. બંને બ્હેનો એ આઠ દિવસ દરમ્યાન અલગ અલગ વિષયો પર ખુબજ સરસ સમજણ આપી. ઓડીઓ - વિડીઓ ના મદદ થી ચૌદ રાજલોક, કાળ ચક્ર, ચૌદ સપના વિગેરેની સમજણ આપી . Look N Learn ના બાળકોએ એક સરસ કાર્યક્રમ રજુ કર્યો. સવંત્સરી ના દિવસે તપસ્વી રતનબેન સંગોઇ નું બહુમાન કરવામાં આવ્યું. એમનું આ પંદરમું વર્ષીતપ [એકાસણાથી] હતું. શ્રી હીરાલાલભાઈ તથા દમયંતીબેન હવે મુંબઈ સ્થાઈ થવાના હોવાથી તે દિવસે એમનું પણ બહુમાન કરવામાં આવ્યું. સૌને મિચ્છામી દુક્કડ્મ.

**મહિલા મંડળ :**

૧.પ્રાણિક હિલીંગ : તા. ૧૯-૭-૧૪ ના No Touch No Drug Theory પર આધારીત આ પ્રાણિક હિલીંગ નો કાર્યક્રમ રાખવામાં આવેલ .આવેલ ડોકટરો એ ઓડીઓ વિડીઓ દ્વારા કોઈ પણ જાતની દવા લીધા વગર કેમ પીડા ઓછી કરી શકાય તે સમજાવ્યું .થોડી બહેનો એ એનો અનુભવ પણ લીધો.

૨.ધમાલ ફેસ્ટીવલ: તા.૧૬-૮-૧૪: શ્રાવણ અને ઓગસ્ટ મહિનો એટલે તહેવારોનો મહિનો.તે દિવસે ઘણા તહેવારોના રંગ જોવા મળ્યા. કૃષ્ણ જન્માંષ્ઠ્મી ઉજવી. ત્યાર બાદ બાળકો માટે રાખડી બનાવવાની હરીફાઈ તથા ઓરીગામી કોમ્પીટીશન રાખવામાં આવેલ. બાળકો હરીફાઈ માં વ્યસ્ત હતા ત્યારે બહેનો માટે "Tell Me Why" ક્વીઝ ભારતી સંગોઇ તથા રચના એ રમાડી. તેમજ સ્વતંત્રતા દિવસ અને Friendship Day ની પણ ઉજવણી કરી.

**થંડર બોલ્ટ્સ:**

તા.૧૭-૮-૧૪ ક્વીઝ: યુવા સભ્યોના બાળકોએ યુવાઓને વિવિધ વિષયો પર સવાલ પૂછી એમને વિચાર કરતા કરી દીધા.

તા.૧૪-૯-૧૪ ઇન્ડીયન સિનેમા: અમર વોરા, હિતેન સંગોઇ અને એમની ટીમે ઇન્ડીયન સિનેમા પર આધારીત ગેમ શો રજુ કર્યો.

---

## ઉત્તર કર્ણાટક ઘટક

**ગદગ :**

**શનિવાર તા: ૨૮.૬.૨૦૧૪** નાં આષાઢી-બીજ કચ્છી નુતન વર્ષની ઉજવણી મહાજનવાડીમાં કરવામાં આવેલ. સાંજના અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલ. કચ્છ શેરડીથી ઢોલી શ્રી નવીનભાઈએ પોતાની આગવી શૈલી થી ખેલૈયાઓને દાંડિયા-રાસ-ગરબામાં મન મૂકી રમાડેલ. વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

**રવિવાર તા: ૨૯-૬-૨૦૧૪** નાં પ.પૂ.જયલક્ષ્મીજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ. દર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા. નું ગદગ મધે વાજતે-ગાજતે અતિ હર્ષોલ્લાસ સાથે ચાતુર્માસ પ્રવેશ થયેલ. હુબલી, કોપ્પલ, રાયચુર, બાગલકોટનાં ઘણાં મહાનુભાવોની હાજરી નોંધનીય હતી.

પૂ. મ.સા તથા સાધ્વીજીની પાવન નિશ્રામાં અત્રેના ચિંતામણી પાર્શ્વનાથ જીનાલયમાં ૨-૮-૧૪ થી ૫-૮-૧૪ ના સમયગાળા દરમ્યાન પંચાન્હીકા મહોત્સવ તથા શતાબ્ધી મહોત્સવમાં શ્રવણ સુદ ૧૦, મંગળવારના ‘શ્રી ચિંતામણી પાર્શ્વધામ’ તીર્થનું બિરુદ પામેલ છે. શતાબ્ધી મહોત્સવમાં વિધીકાર શ્રી કેશવજીભાઇ ગડા મુંબઈથી પધારેલ તેમજ સંગીતકાર શ્રી મનોજભાઈ કારાણી અને ભાવનાબેન વોરા પધાર્યા હતાં. હુબલી, રાયચુર, બાગલકોટ, બેલ્લારી, બેંગલોર, સાંગલી, હૈદરાબાદ તથા અન્ય ઘણા દેશાવરોથી સારી સંખ્યામાં મહેમાનો પધારેલ અને અલૌકિક મહોત્સવ માણેલ.

**પર્યુષણ પર્વ :**

પ.પૂ. દર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા. ની પાવન નિશ્રામાં પર્યુષણ ખુબ જ રૂડી રીતે, તપ-જપ-આરાધનાઓથી સભર ઉજવાયેલ.

કલ્પસુત્ર શ્રી. નવિનચંદ શામજી લાલકાએ પધરાવેલ, તેમજ પ્રભુજી પ્રભુજીનું પારણું માતુશ્રી જેઠીબાઈ ખીમજી વીરાએ પધરાવેલ.

તપ આરાધના :

કુ. નિધિ કુમારપાલ લાલકા — ૧૧ ઉપવાસ

અઠ્ઠાઈ તપ :

| | |
|---|---|
| શ્રી કાનજીભાઈ પચાણ ગાલા | શ્રી. પંકજ વીરજી ગાલા |
| શ્રી ભરત વીરજી ગાલા | શ્રી કન્તીલાલભાઈ પદમશી મોતા |
| શ્રી વિપુલ કાન્તીલાલ મોતા | કુ. લીપી કુમારપાલ લાલકા |
| કુ. જીનલ મેહુલ નાગડા | કુ. હિરલ ગીરીશ નાગડા |

આ તપસ્વીઓના અનુમોદનાર્થે માતુશ્રી જવેરબાઈ વીરજી પાલન ગાલા પરિવારે તા: ૧૩-૯-૧૪/૧૪-૯-૧૪ના ગદગથી-નિપ્પાણી-કુમ્ભોજગીરી-સાંગલી-શીરોલી-કોલ્હાપુર-કળશમંદિરની જાત્રા કરાવેલ. તપસ્વીઓ સહીત ૪૦ વ્યક્તિઓ સંઘમાં હાજર હતાં.

**બેલ્લારી :**

જૈનધર્મમાં પરમાત્મા ને સ્મરણ કરતા કહ્યું છે ' શક્તિ પ્રમાણે ભક્તિ કરો'. તનશુદ્ધિ માટે તપસ્યા અને મન શુદ્ધિ માટે પ્રાર્થના. તપસ્યા પણ ન કરી શકો તો નિયમો લેવાના. મોટા મોટા સુત્રો ન આવે તો મનમાં સહુ માટે સારા વિચારો કરો તો તે પણ ભક્તિ ગણાય. બેલ્લારી માં પણ પર્યુષણ પર્વમાં પવિત્ર ભાવનાઓ સાથે તન-મનની શુદ્ધિ કર્યા પછી છઠ્ઠ ના દિવસે સવારના સામુહીક સાંવત્સરિક ક્ષમાપનાનું કાર્યક્રમ થયેલ.

તા. ૭.૯.૧૪ ના રવીવારે સમાજમાં સ્વામીવાત્સલ્યનું આયોજન કરેલ. એમાં તપસ્વીઓનું બહુમાન, સ્વામીભક્તિનું જમણ, રમત-ગમત અને સાંજની ચાય પતાવીને બધા છુટા પડ્યા. રમતો હતી – આંખ બંધ કરીને સિક્કા શોધવા, પિક્ચર જોઇને શબ્દ બનાવવા, નેપોલિયન ની ગીફ્ટ, હાઉઝી, કચ્છના ગામના નામ શોધવા.બાળકોએ પાસીંગ ધ પાર્સલ વગેરે ગેમ્સ નું આનંદ માણ્યું.

મોક્ષ હિતેશ છેડા( ૬ વર્ષ) એ પર્યુષણ પર્વ દરમ્યાન ભક્તિ સંધ્યામાં ગ્રુપ ડાન્સ માં ભાગ લીધેલ. સૌ. રેખાબેન કેનીયાને એક નાટક 'કલયુગનો સામાઇક' માં પોતાના પ્રભાવી એક્ટીંગ માટે પ્રથમ પારિતોષક મેળવેલ.

**તપ આરાધના:**

સૌ. રેખાબેન પ્રકાશ કેનિયા (મુન્દ્રા) - અઠ્ઠાઈ      કું. કિંજલ પ્રવિણ દેઢીયા (તલવાણા) - અઠ્ઠાઈ

## અહંકાર ઓલવાયો

એક દીવાલમાં એક અગરબતી જલી રહી હતી. તેની બાજુના ગોખલામાં એક મીણબતી સળગી રહી હતી. બંને પોતાને બાળીને જગતને સંદેશ આપી રહ્યાં હતાં. અગરબતી પોતાની દિવ્ય સુગંધથી વાતાવરણને સૌમ્ય બનાવતી હતી, અને મીણબતી પોતાના મંદ પ્રકાશથી વાતાવરણને સુવર્ણરંગી બનાવતી હતી.

એક દિવસની વાત છે. કોઈ નજીવી વાતમાં બંને વચ્ચે ઝઘડો થયો. મીણબતીએ અગરબતી ને કહ્યું, " તારા શરીર સામે તો જો? કેવી દુર્બળ છે તું? અને તારું રૂપ તો જો, કોઈ સામું પણ ન જુએ!

અગરબતી ચુપ રહી.

અગરબતીના મધુર મૌનથી મીણબતી વધુ કડકાઈથી બોલી, "મેં શું કહ્યું સાંભળતી નથી? કેમ જવાબ નથી આપતી? તારામાં એટલી આવડત ક્યાં છે કે તું મને જવાબ આપે?

આ વખતે પણ અગરબતી ચુપ રહી.

મીણબતી હસીને પોતાની બડાઈ હાંકતી હતી. મારી સામે જો, હું કેવી રૂપાળી છું. મારા પ્રકાશથી ઓરડો કેવો સોહામણો લાગે છે! મીણબતીનો અહંકાર બોલી રહ્યો હતો....ત્યાં હવાના એક ઝપાટે મીણબતી ઓલવાઈ ગઈ, પરંતુ અગરબતીમાં તો એક જ સર્વશ્રેષ્ઠ વસ્તુ હતી – સંતોષની સુરભી.....તે જલતી રહી.

*સંકલન - મંજુલાબેન કલ્યાણજી ગડા, બેંગલોર. 23203628*

## "ગુરુ ઉપદેશ"

શાંત પળોમાં વિચારજે.... શુભ સંદેશ માનવને

હે, માનવ રાતનાં રોજ તું સુએ છે ત્યારે, જગત સાથે જોડાયેલા વિચારો તારા થોડા શાંત થાય ત્યારે, તારા આત્માને મનની સાથે જોડીને વિચાર. તારું મન તારા આત્માને ધોખો તો નથી આપી રહ્યો ને, આ મન તારા આત્માને બિલકુલ ધોખો જ આપી રહ્યો છે. તારા આત્માના સ્વભાવથી દૂર કરી રહ્યો છે. તને વિભાવમાં લઇ જઈ રહ્યો છે. તો શાંત પળોમાં વિચારજે તારે શું કરવું છે?

હે માનવ ક્રોધ અને માનરૂપી અજગર તારા મન અને આત્મા પર કબજો કરી લે ત્યારે ચેતી જજે, નહિ તો તને નરકનાં દ્વાર સુધી લઇ જવામાં મદદ કરશે. શું તારે નરકમાં જવું છે? નથી જવું તો શાંત પળોમાં વિચારજે, તારે શું કરવું છે?

હે માનવ, જો તારે માનવ ભવ હારી નથી જવું તો શાંત પળોમાં વિચારજે તારે કેવું જીવન જીવવું છે. કારણ, વગર વિચાર્યે જીવન અજ્ઞાની જીવે છે, જ્ઞાની નહિ. જ્ઞાન રૂપી પ્રકાશ તારી સાથે રાખજે.

જો તને આજનું છાપું વાંચવું હોય તો પહેલા તારીખ જોઇને વાંચજે. તને માત્ર છાપું વાંચવું હોય તો તારીખ જોવાની જરૂર નથી.

*- પ્રભાબેન શાંતિલાલ છેડા, બેલ્લારી.* **8392267382**

## COMPETITIVE ROUNDS DURING MAHA SAMMELAN
## LIGHTS, CAMERA, ACTION !!

**ROUNDS:**

- DANCE ROUND – TAAGAD DHINA
- SCENE ROUND – ENTERTAINMENT KE LIYE KUCHH BHI KAREGA
- QAWALI & SUFI ROUND – JUNOON
- QUIZ ROUND – SAWAL HAMAARE JAWAAB AAPKE

**COMMON RULES:**

- MEMBERS PARTICIPATING HAVE TO BE AS PER THE SCENE AND DANCE FROM THE MOVIE.
- NO MEMBER CAN TAKE PART IN MORE THAN TWO ROUNDS.
- STAGE SET UP CAN BE DONE (POSTERS, BACKDROP ETC)
- ALL COSTUMES TO BE FOLLOWED ACCORDING TO THE MOVIE STRICTLY AND ROUNDS ACCORDING TO MOVIE AS FAR AS POSSIBLE.
- QUIZ ROUND TO BE CONDUCTED TOGETHER FOR ALL GHATAKS.

**DANCE ROUND:**

- ANY ONE HIT SONG OR COMBINATION OF TWO (MAX) SONGS CAN BE TAKEN.
- DRESS CODE COMPULSORY.
- CHOREOGRAPHY AND PRESENTATION WILL BE CONSIDERED.
- SIGNATURE DANCE STEPS ALONG WITH ADDED CHOREOGRAPHY CONSIDERED.
- MIN 3 MIN / MAX 5 MIN.

**SCENE ROUND:**

- SCENE SHOULD HAVE A FAMOUS DIALOGUE OF THE MOVIE
- SCENE TO BE ENACTED INTO TWO PARTS:
  - ORIGINAL SCENE FROM THE MOVIE
  - SAME SCENE TURNED INTO COMIC OR MESSAGE GENERATING SCENE.
- TIME – MAX 10 MINS.
- POINTS TO GIVEN FOR: CREATIVITY OF SCENE, PRESENTATION OF SCENE, DIALOGUE DELIVERY

**QAWALI/ SUFI ROUND:**

- BACKGROUND MUSIC CAN BE ARRANGED. LIVE INSTRUMENTS WILL BE PREFERABLE.
- IT SHOULD BE WITH LIVE SINGING.
- PROPS CAN BE USED
- DRESS CODE IS COMPULSORY.
- BONUS POINTS FOR AMBIENCE/STAGE SET UP.
- TIME – MAX 5 MINS.

**QUIZ ROUND:**

- QUIZ ROUNDS CONNECTED TO MOVIE.
- QUESTIONS RELATED TO MOVIE CHARACTERS.
- AUDIO/VISUAL ROUNDS

**MOVIES:**

- HUM KISISE KUM NAHI - HYDERABAD
- AMAR AKBAR ANTHONY - BANGALORE
- ZANJEER - MADURAI
- MUGHAL-E-AAZAM
- JODHA AKBAR - CHENNAI
- MAIN HOON NA – U K G

## NON COMPETITIVE EVENT:
## FASHION SHOW CUM INTRODUCTION

- ONLY FOR 15+UNMARRIED YOUTH
- GROUP OF MAX 15 YOUTH. THERE CAN BE ONE OR MORE GROUP FROM ONE GHATAK.
- TIME LIMIT : MAX 15 MIN/GROUP , 5 MINS FOR FORMATIONS, REST FOR INDIVIDUAL INTRODUCTION.
- THEME BASED SHOW : ONE GHATAK WILL BE GIVEN ONLY ONE THEME IRRESPECTIVE OF NO. OF PARTICIPANTS.
- CD'S/PEN DRIVES/ LAPTOPS REQUIRED AS PER THEME SHOULD BE CARRIED BY THEMSELVES.
- THEMES:
  - BLACK N WHITE - UKG
  - RETRO - BANGALORE
  - HAWAIN THEME - MADURAI
  - FAIRYTALE THEME - CHENNAI
  - MIX OF ALL TRADITIONS - HYDERABAD

## The **Witty Mahatma**

When Gandhi was studying law at the **University College** of London, a white professor, whose last name was Peters, disliked him intensely and always displayed prejudice and animosity to towards him. Also, because Gandhi never lowered his head when addressing him, as he expected.... there were always "arguments" and confrontations.

One day, Mr. Peters was having lunch at the dining room of the University, and Gandhi came along with his tray and sat next to the professor. The professor said, "Mr Gandhi, you do not understand. A pig and a bird do not sit together to eat." Gandhi looked at him as a parent would a rude child and calmly replied, "You do not worry professor. I'll fly away," and he went and sat at another table. Mr. Peters, reddened with rage, decided to take revenge on the next **test** paper, but Gandhi responded brilliantly to all questions. Mr. Peters, unhappy and frustrated, asked him the following question. "Mr Gandhi, if you were walking down the street and found a package, and within was a bag of wisdom and another bag with a lot of **money**, which one would you take?" Without hesitating, Gandhi responded, "The one with the money, of course." Mr. Peters , smiling sarcastically said, "I, in your place, would have taken the wisdom, don't you think?" Gandhi shrugged indifferently and responded, "Each one takes what he doesn't have." Mr. Peters, by this time was fit to be tied. So great was his anger that he wrote on Gandhi's exam sheet the word "idiot" and gave it to Gandhi. Gandhi took the exam sheet and sat down at his desk trying very hard to remain calm while he contemplated his next move. A few minutes later, Gandhi got up, went to the professor and said to him in a dignified but sarcastically polite tone, "Mr. Peters, you signed the sheet, but you did not give me the grade.

જીવન ચક્ર

## પગલીના પાડનાર

### પુત્ર જન્મ :

### આંધ્ર પ્રદેશ ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. તન્મય | શ્રીમતી કજરી સંદીપ નાગડા | મોટી વરંડી | હૈદરાબાદ |
| ૨. રિયાન | શ્રીમતી રાજુલ સચિન ધરોડ | પત્રી | હૈદરાબાદ |

### પુત્રી જન્મ :

### આંધ્ર પ્રદેશ ઘટક

| | | | |
|---|---|---|---|
| ૧. કાયરા | શ્રીમતી નીષ્મા શ્રેયાંશ દેઢિયા | ગઢશીશા | હૈદરાબાદ |

### ચેન્નાઈ ઘટક

| | |
|---|---|
| ઈશા જીગર અરુણ વિક્રમ | મોટી ખાખર |

### મદુરાઈ ઘટક

| | |
|---|---|
| શ્રીમતી વૈશાલી જીજ્ઞેશ હરખચંદ સાવલા | બાડા |

## સગાઈની વધાઈ

### આંધ્ર પ્રદેશ ઘટક

| | | |
|---|---|---|
| ચિ. કેતિકા મનોજ નાગડા | મોટી વરંડી | હૈદરાબાદ |
| ડૉ. મુંજાલ નવીન રાંભિયા | વીંઝાણ | મુંબઈ |

### ચેન્નાઈ ઘટક

| | | |
|---|---|---|
| પૂજા મુકેશ કાન્તીલાલ બૌઆ | નાની તુંબડી | ચેન્નાઈ |
| પ્રેમલ વિનોદ જાદવજી | પુનડી | મુંબઈ |

## લગ્નની વધાઈ

### આંધ્ર પ્રદેશ ઘટક

| | | |
|---|---|---|
| ૧. ચિ. પ્રિયંકા નિતીન ભવાનજી હેણીયા | સાભરાઈ | હૈદરાબાદ |
| ચિ. અંકુર પ્રવિણ વરજાંગ ગાલા | ડુમરા | મુંબઈ |
| ૨. ચિ. નિખિલ કિશોર મગનલાલ દેઢિયા | ભુજપુર | હૈદરાબાદ |
| ચિ.રૂપલ નવીન પારેખ | ગોંડલ | હૈદરાબાદ |
| 3. ચિ. C.A ધૃતિ પ્રદીપ લક્ષ્મીચંદ વિસરીયા | ગઢશીશા | હૈદરાબાદ |
| ચિ. ભાવિન ગિરીશ કલ્યાણજી ગંગર | મેરાઉ | મુંબઈ |
| ૪. ચિ. રીતેશ દીપક જાધવજી નાગડા | ડુમરા | હૈદરાબાદ |
| ચિ. હીરલ વિજય સામજી ગંગર | નાંગલપર | મુંબઈ |

## અરિહંત શરણ

### મદુરાઇ ઘટક

| | | |
|---|---|---|
| માતુશ્રી સુંદરબેન રાઘવજીભાઈ સાઈયા | લાખાપુર | ઉ . વ 74 |
| શ્રી ઉમરશીભાઈ વછરાજ વોરા | સમાઘોઘા | ઉ . વ 74 |

### ઉત્તર કર્ણાટક ઘટક

| | | |
|---|---|---|
| માતુશ્રી વિજયાબાઈ દામજી જાદવજી છેડા | પત્રી હાલે હુબલી | ઉ.વ. ૮૩ |

### One Line Humor...

- Having one child makes you a parent; having two you are a referee.
- I believe we should all pay our tax with a smile. I tried - but they wanted cash..
- You can't buy love, but you pay heavily for it.
- Laziness is nothing more than the habit of resting before you get tired.
- Marriage is give and take. You'd better give it to her or she'll take it anyway.
- Saving is the best thing. Especially when your parents have done it for you.

૩૦ વર્ષના કેટરીંગ ક્ષેત્રે બહોળા અનુભવ સાથે

## ક્રુણાલ કેટરર્સ (ખાર-વેસ્ટ)ની

દુદુંભી વાગી અને આપના શુભ- ભાવો

અમારા પ્રત્યે પ્રગટ્યા

અભિનંદન......આભાર.....

ક્રુણાલ કેટરર્સના મંગલાચરણ મંડાઇ ચુક્યા છે

હવે આપના આવકારને અમે અંતરથી ચાહીએ છીએ



- ✓ પૂજન,
- ✓ પહેડી,
- ✓ સગપણ સંધ્યા,
- ✓ લગ્ન પ્રસંગ,
- ✓ ગેટ-ટુ-ગેધર,
- ✓ બર્થ ડે પાર્ટી
- ✓ તપસ્યા સાંજી,
- ✓ સ્વમિવાત્સલ્ય

પ્રસંગે ક્રુણાલ કેટરર્સ રહેશે

સદાબહાર......

આપના શુભ પ્રસંગો હશે શાનદાર.....

કેટરીંગ દ્વારા અમે બનાવશું એને જાનદાર

## ક્રુણાલ કેટરર્સ (ખાર-વેસ્ટ)

શોપ નં. ૨૦, હરી માર્કેટ, રોડ નં. ૪, રેલ્વે સ્ટેશનની સામે ,ખાર(વેસ્ટ),મુંબઈ-૪૦૦૦

E-mail: krunalddh1@gmail.com

ચાંપશી કરમલ દેઢીયા 9224147687 ક્રુણાલ ચાંપશી દેઢીયા 9967227374

નાની તુંબડીવાલા

# Dakshin Bharat Kutchi Visa Oswal – Aspiring Achievers – Std 10 and above - 2014



**DHEER**
91% ICSE
Reena Anand Rambhia
*Nana Bhadia / Bangalore*



**RIYANSH**
90% SSC
Veena Bhavesh Gogri
*Tunda / Chennai*



**SACHIN**
9.2 CBSE
Alka Ketan Dedhia
*Bidada / Chennai*



**AMAN**
9.2 CBSE
Rina Raji Vira
*Desalpar / Chennai*



**BHARGAVI**
10.0 CBSE
Priti Jayesh Vira
*Lakhapar / Hyderabad*



**AMAN**
9.3 SSC
Usha Chetan Gala
*Kapaya / Hyderabad*



**RAKSHIT**
9.3 SSC
Lata Ajeet Gala
*Desalpar / Hyderabad*



**DISHANK**
9.2 SSC
Deepa Chetan Gala
*Bharapar / Hyderabad*



**MAYANK**
9.2 SSC
Rekha Kirti Gangar
*Merau / Hyderabad*



**MOHIT**
9.2 CBSE
Pragna Hitesh Kenia
*Mundra / Hyderabad*



**KAVYA**
9.6 XII Science
Parul SandeepSangoye
*Sama Gogha / Chennai*



**MANSI**
90% XII Science
Jasmin Nikhil Chheda
*Bidada / Chennai*



**PRACHI**
92% XII Commerce
Jyoti Kavin Savla
*Vanki / Chennai*



**SANJANA**
95.8% XII Commerce
Priti Nilesh Dedhia
*Bidada / Chennai*



**UDAY**
89.9% Inter Commerce
Vijaya Devchand Karani
*Bada / Hyderabad*



**JINESH**
85.6% Inter Commerce
Rupa Ajay Dharod
*Patri / Hyderabad*



**PRIYANKA**
96.3% Inter Science
Preeti Tushar Savla
*Samaghoga / Chennai*



**VARUN**
94% Inter Science
Vaishali Kamlesh Rambhia
*Mota Asambia / Hyd.*



**SAMEER**
First Class Dist. Engg.
Meena Mansukhlal Dedhia
*Luni / Bangalore*



**JAINI**
Final MBBS Part 1
Kalpana Paresh Gala
*Desalpur / Bangalore*



**ANKITA**
A+ BSc VIS COMM
Harsha Ramnik Chheda
*Pragpar / Chennai*



**KHUSBU**
MA Mass Comm.
Geeta Champaklal Bheda
*Samaghoga / Chennai*



**TVISHA**
MBA Finance
Nirmala Gulab Dedhia
*Domra / Chennai*



**VANSH**
86.6% Grad Commerce
Pushpa Hasmukh Gala
*Dumra / Hyderabad*



**SHEETAL**
86.59% Grad Commerce
Kalpana Heeralal Gala
*Dumra / Hyderabad*



**DHIREN**
81.36% Grad Commerce
Harsha Vilas Gala
*Sabhrai / Hyderbad*



**MANSI**
80.78% Grad Commerce
Bindu Navinchandr Nagda
*Bhojay / Hyderabad*



**NISHIT**
9.8 BE Hons Engg.
Anila Ketan Malde
*Luni / Hyderabad*



**ARCHIT**
83.33% B.Tech ECE
Rashmi Kiran Satra
*Gundala / Hyderabad*



**KAIVAN**
82.62% B.Tech
Meena Tarun Gala
*Chiasar / Hyderabad*



**ASHRUTI**
81% B. F.Designing
Kajal Vipul Nisar
*Wadala / Hyderbad*



**MIHIR**
CA
Ketki Atul Gala
*Godhra / Hyderabad*



**HARDIK**
MBA
Rashmi Jiten Bheda
*Samaghoga / Hyderabad*



**KHUSHBOO**
83.33% B.Tech ECE
Pushpa Hasmukh Gala
*Dumra / Hyderabad*



**RITESH**
LLB
Vibha Deepak Nagda
*Dumra / Hyderabad*



**MIHIR**
98.8% SSLC
Kavita Rajen Chheda
*Kundroli / Madurai*



**ROHAN**
94% 12th Commerce
Roomi Nilesh Sangoye
*Samaghoga / Madurai*



**DHVANI**
86% 12th
Uma Nilesh Shah
*Bidada / Madurai*



**HEMALI**
86% B Com
Bhavna Manoj Shah
*Samaghoga / Madurai*



**RIDDHI**
73% BSc
Bharati Kishore Sangoi
*Kapaya / Madurai*



**JENIL**
82% BE Mech.
Veena Vipul Vora
*Samaghoga / Madurai*

**વાવડ મહા સંમેલન વિશેષાંકમાં નીચે જણાવેલ વિષયો ઉપર લેખ અથવા આપના અનુભવો તેમ જ વિચારોને કલમથી રજુ કરવા  આપ સૌને વિનંતી છે:**

- આપ સૌ, કોઈ એવી સ્ત્રી વિષે જાણતા જ હશો, જેણે વિકટ પરિસ્થિતિમાં પોતાનું તેમ જ પોતાના કુટુંબનું જીવન ઉજાળ્યું હોય. વાવડ આપને પ્રેરે છે એવી સ્ત્રી ગાથા લખવા.
- ઇતિહાસમાં આપણે જોયું છે કે કપરી પરિસ્થિતિ ઊંચા ચઢાણો ચઢવાનું સામર્થ્ય આપે છે. દાખલા તરીકે – અમેરિકાના ભૂતપૂર્વ વડાપ્રધાન એબ્રહમ લિંકન રસ્તા પરની લાઈટમાં ભણતા. વિપરિત સંજોગોમાં આગળ વધેલા વિદ્યાર્થીની ગાથા જરૂર ઘણાને પ્રેરણા આપશે. વાવડ આપને આમંત્રે છે આવા વિદ્યાર્થીઓનો અનુભવ શેર કરવા.
